# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 4/11/2025** **Morning : 7.10 to 7.20**
**Day : TUESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સિમ્પલ ઠક્કર** વાંચે છે.

---

1. **આજથી સઘન મતદાર સુધારણા ઝુંબેશ અંતર્ગત બુથ લેવલ ઓફિસર ઘરે ઘરે જઇને માહિતી એકત્રિત કરશે.**
2. **માવઠાગ્રસ્ત ગીર સોમનાથ અને જૂનાગઢ જિલ્લાની મુલાકાતે પહોંચીને મુખ્યમંત્રીએ સ્થળ નિરીક્ષણ કરીને ખેડૂતોને સધિયારો આપ્યો**
3. **તાપી જિલ્લાના અસરગ્રસ્ત ખેડૂતોની મુલાકાત લઇને કૃષિમંત્રીએ કહ્યું કે, કપરા સમયમાં સરકાર ધરતીપુત્રોની પડખે.**
4. **હવામાન વિભાગે આગામી બે દિવસ સામાન્ય વરસાદની આગાહી કરી.**
5. **રણજી ટ્રોફીની અમદાવાદમાં રમાઇ રહેલી મેચમાં હરિયાણા સામે ગુજરાત પર હારનું સંકટ**

---

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# SIR

**સમગ્ર રાજ્યમાં મતદાર યાદીની ખાસ સઘન સુધારણા ઝુંબેશ અંતર્ગત આજથી ચોથી ડિસેમ્બર સુધી બેથ લેવલ ઓફિસર્સ ઘરે ઘરે ફરીને મતદારો પાસે માહિતી એકત્રિત કરશે.**

**માહિતી એકત્રિત કર્યા બદા આગામી વર્ષની સાતમી ફેબ્રુઆરીએ આખરી મતદાર યાદી પ્રસિદ્ધ કરાશે..**

**પ્રસ્તુ છે એક અહેવાલ**

## વોઈસ કાસ્ટ – હર્ષલ પંડ્યા

*ભારતના ચૂંટણી પંચે ગુજરાત સહિત કુલ 12 રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશો માટે મતદાર યાદીની ખાસ સઘન સુધારણા ઝુંબેશનુ સમય પત્રક જાહેર કર્યું છે.આજથી એક માસ એટલેકે ચોથી ડિસેમ્બર સુધી બૂથ લેવલ ઓફિસર્સ ઘરે ઘરે ફરીને મતદારો પાસે એન્યુમરેશન ફોર્મ ભરાવશે. આ કામગીરી બાદ નવમી ડિસેમ્બરે હંગામી મતદાર યાદી પ્રસિદ્ધ કરવામાં આવશે. જેમાં નવમી ડિસેમ્બરથી આઠમી જાન્યુઆરી 2026 સુધી સુધારા માટેનો દાવો નાગરિકો કરી શકશે.*

*31 જાન્યુઆરી 2026 સુધી જિલ્લા ચૂંટણી અધિકારી તથા મુખ્ય ચૂંટણી અધિકારી દાવાઓની સુનાવણી તથા પ્રમાણિકરણ કરશે. જ્યારે સાતમી ફેબ્રુઆરી 2026ના રોજ આખરી મતદાર યાદી પ્રસિદ્ધ કરાશે. પહેલી જાન્યુઆરી 2002ને લાયકાત યોગ્ય ગણવામાં આવશે. 2002-2004માં યોજાયેલ આખરી SIRની મતદાર યાદીમાં નાગરિકો તેમના નામ સહિતની વિગતો ચકાસી શકશે.*

*નાગરિકતાના પુરાવા તરીકે ભારતીય પાસપોર્ટ અને જન્મના પ્રમાણપત્ર સહિતના વિવિધ 12 દસ્તાવેજો માન્ય ગણાશે. મતદાર યાદીની ખાસ સઘન સુધારણાની આ પ્રક્રિયામાં મહિલાઓ , અશક્ત નાગરિકો, દિવ્યાંગો અને વડીલોને સુવિધા રહે તે હેતુથી NCC જેવા સ્વયંસેવકોની મદદ લેવાશે. એક પરિવારના તમામ સભ્યો એક જ બૂથ પર મતદાન કરી શકે તેવી વ્યવસ્થા ગોઠવાશે.*

***હર્ષલ પંડ્યા આકાશવાણી સમાચાર અમદાવાદ***

# BJP SIR PREPARATIONS

આજથી ગુજરાતમાં કેન્દ્રીય ચૂંટણી પંચ દ્વારા મતદાર યાદી માટે S.I.R.પ્રક્રિયા શરૂ થઇ રહી છે ત્યારે આ પ્રક્રિયાને લઇ ભાજપે પણ કમર કસી છે.

આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી પહેલા ભાજપ સઘન મતદાન સુધારણા માટે ગાંધીનગરમાં એક કાર્યશાળાના આયોજન સાથે સજ્જ્ બન્યુ હોવાનું વડોદરાના સાંસદ હેમાંગ જોષીએ જણાવ્યુ હતું,

## બાઇટ- હેમાંગ જોષી,સાંસદ, વડોદરા

---

# CM GIR

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ કમોસમી વરસાદથી અસરગ્રસ્ત વિસ્તારોના ખેડૂતોની પડખે ઉભા રહ્યા છે. ખેડૂતો પર આવી પડેલી આ વિપદામાં રાજ્ય સરકાર પુરી સંવેદનાથી સાથે ઉભી હોવાનો વ્યથતિ ખેડૂતોને સધિયારો આપ્યો હતો.

તેમણે ખેડૂતોને સાંત્વના આપ્યા બાદ જણાવ્યું કે , ખૂબજ ટૂંક સમયમાં રાહત પેકેજ જાહેર કરીને ખેડૂતોને નુકસાનીમાંથી ઝડપભેર બેઠા કરવા આવશે. ગીર-સોમનાથ – જુનાગઢ જિલ્લાના ગામોમાં મુખ્યમંત્રીએ જાતે જઈને પાક નુકસાનીનું સ્થળ-સ્થિતિનું નિરીક્ષણ કર્યું.

રાજ્યના લગભગ 70 ટકા જેટલા અસરગ્રસ્ત વિસ્તારમાં સર્વેની કામગીરી પૂર્ણ કરવા માટે ચાર હજાર 800થી વધુ ટીમો સર્વે કામગીરીમાં જોડાઈ હોવાનું પણ તેમણે જણાવ્યું હતું.

બાકીના અસરગ્રસ્ત વિસ્તારોમાં સર્વે કામગીરી પૂર્ણ કરવા સમગ્ર તંત્ર સતત 24 કલાક કાર્યરત હોવાનો તેમણે આ મુલાકાત દરમિયાન ઉલ્લેખ કર્યો હતો..

---

## JITU VAGHANI TAPI

રાજ્યના કૃષિમંત્રી જીતુ વાઘાણીએ તાપી જિલ્લાના ખોડતળાવ તેમજ સુરત-બારડોલીના સમથાણ ગામે ખેડૂતોની પ્રત્યક્ષ મુલાકાત લઈ પાક નુકસાનીનો તાગ મેળવ્યો.

રાજ્ય સરકાર સકારાત્મક અભિગમ સાથે ખેડૂતોની પડખે ઉભી હોવાનું જણાવતા કૃષિ મંત્રીએ આ મુજબ જણાવ્યું

### બાઇટ -જીતુ વાઘાણી

સરકાર ટૂંક સમયમાં ખેડૂતોના હિતમાં નિર્ણય લઇ રાહત પેકેજ જાહેર કરશે. જેના માટે જિલ્લા કક્ષાએથી ગામે ગામ પંચ રોજકામ સર્વે કામગીરી પૂર્ણતાને આરે છે.

---

## GANDHINGAR FARM SERVY

રાજ્યમાં કમોસમી વરસાદના કારણે ખેડૂતોના કૃષિ પાકને થયેલા વ્યાપક નુકસાનની સરકાર દ્વારા તાત્કાલિક સર્વે અને પંચ રોજકામ કરવાની સૂચના

આપવામાં આવી હતી. આ સ્થિતિમાં ગાંધીનગર જિલ્લામાં અસરગ્રસ્ત ગામોમાં મગફળી, શાકભાજી, કપાસ, ડાંગર વગેરેની ખેતીને નુકસાની થઈ છે.

ખેતીવાડી વિભાગના કર્મચારીઓની ટીમે સર્વેની કાળજીપૂર્વક કામગીરી કરતાં ખેડૂતોએ રાહતનો શ્વાસ લીધો હોવાનું ગાંધીનગરના ખેડૂત અશોક પટેલે જણાવ્યુ હતું.

**બાઇટ- અશોક પટેલ, ખેડૂત, ગાંધીનગર**

---

## WEATHER

રાજ્યભરમાં વાતાવરણમાં પલ્ટો જોવા મળી રહ્યો છે. દિવસ દરમિયાન ત્રણ ઋતુઓનો અનુભવ થઈ રહ્યો છે. રાજ્યના કેટલાંક જિલ્લાઓમાં આજે અને આવતીકાલે સામાન્ય વરસાદની આશંકા છે.

જ્યારે સૌરાષ્ટ્ર-કચ્છના વિસ્તારોમાં આજે ઠંડર સ્ટ્રોમની આગાહી કરવામાં આવી છે. આ ઉપરાંત, આગામી 24 કલાક દરમિયાન ભારે પવન ફૂંકાવાની પણ સંભાવના વ્યક્ત કરવામાં આવી છે.

સાંભળીએ હવામાન નિયામક ડૉક્ટર એ.કે.દાસનો અહેવાલ

**બાઇટ - ડૉક્ટર એ.કે.દાસ**

બીજી તરફ, દરિયાકિનારે લગાવાયેલું LC-3 સિગ્નલ પણ હટાવી લેવામાં આવતાં માછીમારોને રાહત થઇ છે,

રાજ્યમાં છેલ્લા 24 કલાકમાં 64 તાલુકામાં વરસાદ વરસ્યો હતો. જેમાં રાજ્યમાં સૌથી વધુ કચ્છના અંજારમાં 3.19 ઈંચ વરસાદ નોંધાયો છે.

---

# RANJI TROPHY

હરિયાણા અને ગુજરાત વચ્ચે રમાઇ રહેલી રણજી ટ્રોફીની મેચમાં હરિયાણાને 76 રનની સરસાઇ મળી છે. અમદાવાદમાં રમાઇ રહેલી મેચના ત્રીજા દિવસે ગુજરાતે આઠ વિકેટે 113 રન કર્યા હતા.

અગાઉ પહેલી ઇનિંગમાં ગુજરાતે 169 રન કર્યા હતા જેની સામે હરિયાણાએ 230 રન કર્યા હતા. રણજી ટ્રોફીની અમદાવાદમાં રમાઇ રહેલી મેચમાં હરિયાણા સામે ગુજરાત પર હારનું સંકટ.

---

# AHD AIRPORT GANJO

અમદાવાદ એરપોર્ટ પરથી મોટી માત્રામાં છ કિલો હાઇબ્રિડ ગાંજો ઝડપી પાડવામાં આવ્યો છે. ચોક્કસ બાતમીના આધારે કસ્ટમ્સ વિભાગે બે અલગ અલગ વ્યક્તિઓ પાસેથી આ ગાંજોના જથ્થો જપ્ત કર્યો હતો.

એક વ્યક્તિ પાસેથી ચાર કિલો અને બીજા પાસેથી બે કિલો ગાંજો જપ્ત કરાયો હતો. બંને પેસેન્જરો અમદાવાદથી બેંગકોક આવ્યા હતા.

---

# JEE RAGISTRATION

ધોરણ 12 વિજ્ઞાન પ્રવાહ ઇજનેરી અભ્યાસક્રમોમાં પ્રવેશ માટેની J.E.E. માટે 27મી સુધી નોંધણી કરી શકાશે. આ નોંધણી 27મી નવેમ્બર સુધી થઇ શકશે.

નેશનલ ટેસ્ટિંગ એજન્સીની સૂચના બાદ જો એક વિદ્યાર્થી એકથી વધુ અરજી કરશે તો તેની સામ કાર્યવાહી કરવામાં આવશે.

---

## MEDICAL - DENTAL

મેડિકલ અને ડેન્ટલના ત્રીજા રાઉન્ડમાં 919 વિધાર્થીઓને પ્રવેશ અપાયો.

બીજા રાઉન્ડ સુધી પ્રવેશ મેળવેલા 832 વિધાર્થીઓની કોલેજમાં ફેરફાર થયો છે, આમ કુલ એક હજાર 751 વિદ્યાર્થીઓ આગામી 7મી નવેમ્બર સુધી ઓનલાઇન ફોર્મ ભરી ફી ભરી શકશે.

---

## APMC

ગોધરાની કૃષિ ઉત્પન્ન બજાર સમિતિ , એટલે કે APMCની ખરીદ-વેચાણ વિભાગની પેટા ચૂંટણીમાં ભાજપના ઉમેદવાર માલવદીપસિંહ ચંદ્રસિંહ રાઉલજી બિનહરીફ ચૂંટાયા છે.

માહિતી મુજબ, અગાઉ ચૂંટાયેલા ડિરેક્ટર દ્વારા રાજીનામું આપતા , ડિરેક્ટર પદ માટે પેટા ચૂંટણી યોજાઈ હતી.ચૂંટણી પ્રક્રિયા જિલ્લામાં રજીસ્ટ્રાર સહકારી મંડળીઓની દેખરેખ અને માર્ગદર્શન હેઠળ પૂર્ણ થઈ હતી.

આ પદ માટે માત્ર એક જ ઉમેદવાર દ્વારા ઉમેદવારી પત્ર ભરાતા , નિયમ મુજબ સ્પર્ધા વિના જ ભાજપ ઉમેદવારના વિજયની સત્તાવાર જાહેરાત કરવામાં આવી છે.

બોટાદ માર્કેટીંગ યાર્ડમાં કપાસ, મગફળી પાકની ખરીદી આજથી શરૂ. દિવાળી તહેવારો અને કમોસમી વરસાદના કારણે ખરીદી બંધ કરવામાં આવી હતી.

આજથી ખેડૂતો પોતાની જણસો માર્કેટીંગ યાર્ડમાં વેંચી શકશે.

---